ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૩.૦° સે.	૨૧.૦° સે.
આહવા	૩૪.૦° સે.	૨૦.૦° સે.
વલસાડ	૩૧.૦° સે.	૧૮.૦° સે.
વાપી	૩૧.૦° સે.	૧૮.૦° સે.

ફેક ઈન્સ્ટાગ્રામ ID દ્વારા એરૂના યુવકની સગાઈ તોડાવવા પ્રયાસ

લાંબા સમય સુધી અશ્લીલ મેસેજ, ફોટા અને જાનથી મારી નાંખવાની ધમકી ચાલુ રહેતા મામલો છેવટે પોલીસમાં

નવસારીઃ જલાલપોર વિસ્તારમાં ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી પરિવારને નિશાન બનાવી સગાઈ તોડાવવા માટે માનસિક દબાણ અને ધમકીઓ આપવાનો મામલો પોલીસમાં પહોંચ્યો છે.

ગીગુભાઈ નાજાભાઈ ભમ્મર (ઉંમર આશરે 30 વર્ષ રહે. ફ્લેટ નં. 508, પ્રીતિ કોમ્પ્લેક્સ, એરૂ ચાર રસ્તા, તા. જલાલપોર)ની ફરિયાદ અનુસાર 25 નવેમ્બર 2025થી 18 ફેબ્રુઆરી 2026 દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર ahirani^496 અને miss^kajal^bhuva નામની ફેક આઈડી બનાવી અજાણ્યા શખ્સ દ્વારા સતત મેસેજ મોકલવામાં આવતા હતા. ફરિયાદીના ભાઈની સગાઈ તોડાવવા માટે અશ્લીલ મેસેજ અને ફોટા મોકલી પરિવારને માનસિક રીતે પરેશાન કરવામાં આવ્યો હતો. સાથે જ સગાઈ ન તોડવામાં આવે તો જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી.

પોલીસ સૂત્રો મુજબ, ફેક આઈડી કયા મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સાથે જોડાયેલી હતી, કયા IP એડ્રેસ પરથી ચલાવવામાં આવતી હતી તેની માહિતી મેળવવા માટે સોશિયલ મીડિયા કંપની પાસે સત્તાવાર વિગતો માંગવામાં આવી છે.

મોકલાયેલા મેસેજ, ફોટા અને ચેટ હિસ્ટ્રીને ડિજિટલ પુરાવા તરીકે સંગ્રહિત કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ઓળખીતા વ્યક્તિની સંડોવણીની શક્યતા પણ તપાસ હેઠળ રાખવામાં આવી છે.

નવસારીમાં ગૌચરની જમીનો ખૂલ્લી કરવા આંદોલનની ચીમકી

ગૌરક્ષક અને પશુપાલક આગેવાન સાજન ભરવાડનું તંત્રને અલ્ટીમેટમ, કાગળ નહીં, જમીન પર કાર્યવાહી કરવા માંગ

ગૌચરની જમીનો પર દબાણ થઈ જતા ઢોરો રસ્તે રખડતા થયા છે

શહેરમાં ગૌચર જમીનોનો મુદ્દો હવે માત્ર જમીનનો પ્રશ્ન રહ્યો નથી, પરંતુ માનવજીવનની સલામતી, પશુઓના હિત અને શહેરની વ્યવસ્થાને સ્પર્શતો ગંભીર અને સંવેદનશીલ વિષય બની ગયો છે. સરકારી ફાઇલોમાં ગૌચર જમીનો દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે અનેક જગ્યાઓ પર આ જમીનો દબાણ, બાંધકામ અથવા અન્ય ઉપયોગના કારણે અસ્તિત્વ ગુમાવી રહ્યા છે. પરિણામે જે ગાયો અને ઢોરોને ગૌચરમાં ચરવું જોઈએ, તે આજે શહેરના વ્યસ્ત રસ્તાઓ પર રખડતા જોવા મળે છે.

નવસારીઃ ગૌચર જમીનો ઉપલબ્ધ ન રહેતાં પશુપાલકો માટે પરિસ્થિતિ અત્યંત વિકટ બની ગઈ છે. ઢોરોને ચરાવવા કોઈ વ્યવસ્થિત જગ્યા ન હોવાથી મજબૂરીમાં તેમને ખુલ્લા મૂકવા પડે છે. બીજી તરફ રસ્તાઓ પર અચાનક ઢોર આવી જતા ટ્રાફિક ખોરવાય છે, અકસ્માતોની સંભાવના વધી રહી છે અને અનેક નિર્દોષ નાગરિકો ઈજાઓ તથા આર્થિક નુકસાનનો ભોગ બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં નાગરિકો અસુરક્ષિત અનુભવી રહ્યા છે, જ્યારે પશુપાલકો પણ તંત્રની નીતિ વચ્ચે પીસાઈ રહ્યા છે.

ગૌરક્ષક અને પશુપાલક આગેવાન સાજન ભરવાડે તંત્ર સામે કડક વલણ અપનાવી સ્પષ્ટ જણાવ્યું છે કે ગૌચર જમીનોને તાત્કાલિક દબાણમુક્ત કરી વાસ્તવમાં ખુલ્લી કરવામાં આવે. તેમણે આક્ષેપ કર્યો છે કે એક તરફ મહાનગરપાલિકા રખડતા ઢોર મુદ્દે પશુપાલકોને દંડ અને કાર્યવાહી કરવાની ચીમકી આપે છે, જ્યારે બીજી તરફ ગૌચર જમીનો પર થયેલા ગેરકાયદે દબાણો સામે કોઈ અસરકારક પગલાં લેવામાં આવતાં નથી. સમસ્યાનું મૂળ અસ્પર્શિત રાખીને માત્ર પરિણામ સામે કાર્યવાહી કરવાનું વલણ અન્યાયપૂર્ણ છે.

સાજન ભરવાડે ચેતવણી આપી છે કે જો તાત્કાલિક તમામ ગૌચર જમીનોની સરવે, માપણી અને દબાણમુક્તિ માટે કડક કાર્યવાહી નહીં થાય, તો પશુપાલકો અને ગૌપ્રેમીઓ સાથે મળી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. નાગરિકો અને પશુપાલકોની ભાવના એક જ છે. ગૌચર જમીનો કાગળોમાં નહીં, પરંતુ જમીન પર જીવંત રહેવી જોઈએ. કારણ કે ગૌચર બચશે તો જ ગાયો રસ્તાઓ પરથી હટશે, અકસ્માતો અટકશે અને શહેર ફરીથી વ્યવસ્થિત અને સુરક્ષિત બની શકશે.

આહવાના જંગલમાંથી ચોરીનું સાગ ઝડપાયું, લાકડાચોરો ફરાર

વન અને પોલીસે મધરાતે સંયુક્ત દરોડા પાડ્યા હતા, 59,750નું સાગનું લાકડું અને XUV જપ્ત

ગિરીશ ભોયે

સાપુતારાઃ આહવાના ચિકટીયા બીડમાંથી ડાંગના વન અને પોલીસ વિભાગે સંયુક્ત દરોડો પાડી 59,750ના સાગના લાકડા ઝડપી પાડ્યા છે. દરોડા જોઈને લાકડાચોરો XUV મૂકીને ફરાર થઈ ગયા હતા.

૧૯/૦૨/૨૦૨૬ના રોજ ઉત્તર ડાંગ વન વિભાગે બાતમીના આધારે મધરાત્રે ઓપરેશન હાથ ધર્યું હતું. સંયુક્ત ટીમે ચિકટીયા બીટના કુંભીપાડા ફળિયામાં રેડ કરી હતી. જેમને જોઈને લાકડા ચોરો ગભરાઈ ગયા હતા અને વાહન છોડીને જંગલમાં ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

તપાસ દરમિયાન સ્થળ પરથી એક શંકાસ્પદ મહિન્દ્રા XUV 500 ગાડી મળી આવી હતી, જેમાં તપાસ કરતા બિનવારસી હાલતમાં સાગના લાકડાના ૯ નંગ (૧.૬૫૦ ઘનમીટર) મળી આવ્યા હતા. સમગ્ર કાર્યવાહીમાં તંત્ર દ્વારા કુલ રૂ. ૩,૨૯,૭૫૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં રૂ. ૨,૭૦,૦૦૦/-ની કિંમતનું વાહન અને અંદાજે રૂ. ૫૯,૭૫૦/-ની કિંમતના સાગના લાકડાનો સમાવેશ થાય છે. વન વિભાગે આ બાબતે ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

નવસારીના 'વિકસિત' ખાડામાં બે ઢોર ખાબક્યા, એકને ઈજા

મહાનગરપાલિકાનું કામ તો વિકાસનું, પરંતુ ન બેરિકેડિંગ ન ચેતવણી, આજે ઢોર ખાબક્યા

નવસારીઃ નવસારી શહેરના ગ્રીડ નજીક ઓવરબ્રિજ નીચે ચાલી રહેલા મહાનગરપાલિકાના ખોદકામ બાદ ઊંડો અને ખુલ્લો ખાડો સુરક્ષા વ્યવસ્થા વગર છોડી દેવાતા તેમાં અકસ્માતે બે રખડતા ઢોર ખાબક્યા હતા. ઘટનામાં એક ઢોરને પગના ભાગે ગંભીર ઇજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સ્થળ પર ન તો બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું, ન ચેતવણી બોર્ડ મૂકવામાં આવ્યા હતા અને ન રાત્રે દેખાય તેવી કોઈ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. પરિણામે ખુલ્લો ખાડો આસપાસ ફરતા પશુઓ અને પસાર થતા લોકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે.

સ્થાનિકોમાં આક્રોશ: આજે ઢોર પડ્યા, કાલે બાળક કે રાહદારી પડે તો?

આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષ ફેલાવ્યો છે. લોકોનું કહેવું છે કે વિકાસના કામો ઝડપથી થાય છે, પરંતુ સુરક્ષા વ્યવસ્થા જાણે કાગળ સુધી જ સીમિત રહી ગઈ હોય તેવી સ્થિતિ છે. હાલ તો રખડતા ઢોર ખાડામાં પડ્યા છે, પરંતુ જો અહીંથી પસાર થતો કોઈ બાળક, વૃદ્ધ અથવા રાહદારિ તેમાં પડી જાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

નવસારી ભાજપમાં રાજીનામા બાદ સસ્પેન્સઃ સમાધાન કે નવી ટીમ?

ખાલી પડેલા હોદ્દાઓ પર નવા ચહેરાઓની અટકળો, કાર્યકરોમાં આશા સાથે અનિશ્ચિતતા. હાઇકમાન્ડના નિર્ણય પર ટકેલી નજર; આ નિર્ણય સંગઠનની અંદરની દિશા નક્કી કરશે

નવસારીઃ નવસારી જિલ્લા ભાજપમાં રાજીનામાઓ બાદ હવે સંગઠનની અંદર એક મહત્વનો તબક્કો શરૂ થયો છે. અસંતોષ વચ્ચે આપેલા રાજીનામા સ્વીકારવામાં આવશે કે કાર્યકરોને મનાવી સમાધાનનો માર્ગ અપનાવવામાં આવશે? તે મુદ્દે રાજકીય વર્તુળોમાં ચર્ચા ગરમાઈ છે.

સૂત્રો મુજબ, જો રાજીનામા સ્વીકારવામાં આવે તો ખાલી પડેલા હોદ્દાઓ પર નવા અને સક્રિય કાર્યકરોને તક આપવામાં આવી શકે છે. સંગઠનમાં નવી ઊર્જા લાવવા માટે ફેરબદલની શક્યતાઓ અંગે અંદરખાને ચર્ચા ચાલી રહી છે.

બીજી તરફ, વર્ષો સુધી સંગઠન માટે કાર્ય કરનારા હોદ્દેદારો અને કાર્યકરોમાં ભાવનાત્મક પરિસ્થિતિ જોવા મળી રહી છે. કેટલાક કાર્યકરો પોતાના સમર્પણ અને ભૂમિકાને લઈને સ્પષ્ટતા ઇચ્છી રહ્યા છે, જ્યારે ઘણાં લોકો માટે આ સમય અપેક્ષા અને અસમંજસનો બન્યો છે.

હાલ પક્ષ તરફથી રાજીનામા સ્વીકારવા કે નવી નિમણૂકો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જિલ્લા નેતૃત્વ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યું હોવાનું જાણવા મળે છે.

નવસારી ભાજપ માટે હાલની સ્થિતિ માત્ર પદોના ફેરફારનો મુદ્દો નથી, પરંતુ સંગઠનના વિશ્વાસ, સંતુલન અને કાર્યકરોના મનોબળ સાથે જોડાયેલો સંવેદનશીલ તબક્કો બની ગયો છે. હવે સૌની નજર હાઈકમાન્ડના નિર્ણય પર છે, કારણ કે આ નિર્ણયથી નક્કી થશે કે સંગઠન સમાધાન તરફ આગળ વધે છે કે નવી ગોઠવણી સાથે નવી દિશા તરફ આગળ વધશે.

આવતીકાલે વાપીના પૂર્વ અને પશ્ચિમને જોડતા સબ-વેનું લોકાર્પણ

ટ્રાફિક સમસ્યા હળવી થશે, નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે અનેક વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત પણ કરાશે

વાપીઃ વાપી શહેરના વિકાસમાં વધુ એક મહત્વનું સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે. વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અત્યંત મહત્વકાંક્ષી 'સબ-વે'ના લોકાર્પણ સહિત વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ આગામી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬, શનિવારના રોજ યોજાશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વલસાડ અને ડાંગના સાંસદ તથા લોકસભાના દંડક ધવલભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. વાપી મહાનગરપાલિકાના કમિશનર યોગેશ ચૌધરી દ્વારા આ કાર્યક્રમમાં લોકોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતા સબ-વેના લોકાર્પણથી શહેરની ટ્રાફિક સમસ્યામાં મોટો ઘટાડો થશે અને લોકોને અવરજવરમાં સુવિધા રહેશે. આ ઉપરાંત અન્ય વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. કાર્યક્રમ ૨૧/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૯.૩૦ કલાકે અતુલ સોસાયટી પાસે, વલસાડ-રોડ, વાપીમાં યોજાશે.

નવસારી ચેમ્બરના પ્રમુખપદે હરિશભાઈ મંગલાણી બિનહરીફ

સર્વસંમતિથી પ્રમુખ તરીકે બિનહરીફ પસંદગી, સમગ્ર પેનલ પણ ચૂંટાઈ આવી

નવસારીઃ નવસારી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં વર્ષ 2026-27 અને 2027-28 માટેની હોદ્દેદારોની ચૂંટણી સહમતિ અને એકતાના માહોલમાં પૂર્ણ થઈ છે. પ્રમુખ તરીકે હરિશભાઈ છોગાલાલ મંગલાણી બિનહરીફ ચૂંટાયા છે, જ્યારે અન્ય તમામ હોદ્દાઓ માટે પણ એક-એક ઉમેદવારી નોંધાતા સમગ્ર પેનલને બિનહરીફ જાહેર કરવામાં આવી છે.

ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ સમયમર્યાદા 17 ફેબ્રુઆરી, 2026 સાંજે 4:00 વાગ્યા સુધી રાખવામાં આવી હતી. નિર્ધારિત સમયગાળા દરમિયાન કુલ સાત હોદ્દાઓ માટે સાત ઉમેદવારી પત્રકો મળ્યા હતા. ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવારી ફોર્મોની ચકાસણી કર્યા બાદ માન્ય ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. ઉમેદવારી પરત ખેંચવાની મુદત પૂર્ણ થયા છતાં કોઈપણ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી નહોતી. પરિણામે મતદાન કરવાની જરૂરિયાત રહી નહોતી અને તમામ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

નવી ટીમમાં પ્રથમ ઉપપ્રમુખ તરીકે સુરેશકુમાર ડાહ્યાલાલ સાંવલિયા, દ્વિતીય ઉપપ્રમુખ તરીકે સંજયકુમાર ઠાકોરભાઈ ગાંધી, માનદમંત્રી તરીકે જિતેન્દ્ર ગોરધનભાઈ પણસારા, પ્રથમ માનદ સહમંત્રી તરીકે રમેશ ભગવાનજી એરવાડીયા, દ્વિતીય માનદ સહમંત્રી તરીકે પરિમલ નટુભાઈ દેસાઈ અને ખજાનચી તરીકે દિલીપભાઈ ઈશ્વરલાલ ઘાએલનો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા 18 ફેબ્રુઆરી, 2026ના રોજ સમગ્ર પેનલને સત્તાવાર રીતે બિનહરીફ જાહેર કરવામાં આવી હતી.

વાપીના ગૌમાંસના કેસમાં બે આરોપીને પાંચ વર્ષની કેદ

વાપીઃ ભાલેજથી ટાટા સુમોમાં ગૌમાંસ ભરીને મુંબઈ જતા ચાલક અને ક્લીનરને વાપી હિંસા નિવારણ સંઘે ઝડપી પાડી પોલીસને સોંપ્યો હતો. વર્ષ 2011ના આ કેસમાં વાપી કોર્ટે બંને આરોપીને પાંચ-પાંચ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. વાપી હિંસા નિવારણ સંઘને વર્ષ 2011ના એપ્રિલ માસમાં બાતમી મળી હતી કે, ભાલેજથી એક ટાટા સુમોમાં બે ઈસમો ગૌમાંસ ભરીને મુંબઈ જવા માટે નીકળ્યા છે. જેથી રાત્રે વોચ ગોઠવી આ સુમોને બલીઠા હોટલ વુડલેન્ડ પાસે અટકાવી ચકાસણી કરતા ગાડી માંથી ગૌમાંસનો જથ્થો મળી આવતા વાપી ટાઉન પોલીસને તેની જાણ કરતા આરોપી ચાલક જીતુ મનુ વાઘેલા (રહે. આણંદ) અને ક્લીનર ફિરોઝ ઈસ્માઈલ વોરા (રહે. આણંદ) ની ધરપકડ કરાઈ હતી.

આ કેસમાં વાપીના સેકન્ડ એડિ. સિનિયર સિવિલ જજ અને એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આઈ. આઈ. પઠાણની કોર્ટે સરકારી વકીલ એચ. ટી. પટેલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે બંને આરોપીને પાંચ-પાંચ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

ધર્મેશ પટેલ

સાતપીપળા પીકઅપ સ્ટેન્ડ ખંડેર હાલતમાં, વિદ્યાર્થીઓને મુશ્કેલી

ગરમી-વરસાદમાં રાહ જોતા વિદ્યાર્થીઓને ભોગવવી પડે છે હાલાકી

ઘેજઃ ચિખલી નજીક ખૂંધ ગામના વાંસદા રોડ પર સાતપીપળા વિસ્તારનું પીકઅપ સ્ટેન્ડ જાળવણીના અભાવે ખંડેર બનતાં બિનઉપયોગી બની ગયું છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સાતપીપળા વિસ્તારમાં સરકારી વિજ્ઞાન કોલેજ, આઈટીઆઈ, આદર્શ નિવાસી શાળા, છાત્રાલય તેમજ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. જેના કારણે દિવસભર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની અવરજવર રહેતી હોય છે. આવી સ્થિતિમાં પીકઅપ સ્ટેન્ડ વિદ્યાર્થીઓ માટે ગરમી, વરસાદ અને અન્ય પરિસ્થિતિઓમાં રાહતરૂપ સાબિત થઈ શકે તેમ છે.

પરંતુ લાંબા સમયથી જાળવણીના અભાવે સ્ટેન્ડની સ્થિતિ જર્જરિત બની ગઈ છે. છત અને બેસવાની વ્યવસ્થા નુકસાનગ્રસ્ત થતાં તે બેસવા લાયક પણ રહ્યું નથી. પરિણામે વિદ્યાર્થીઓને ખુલ્લા આકાશ નીચે ઉભા રહી વાહનની રાહ જોવી પડે છે.

લૂન્સીકુઈમાં નવસારી પાલિકા દ્વારા જ બાંધકામના નિયમોનો ભંગ!

સરબતીયા તળાવ કિનારે સ્કૂલના બાંધકામ દરમિયાન ટ્રાફિક અને સલામતી મુદ્દેના આક્ષેપ સોશિયલ મીડિયામાં વાયરલ

"મહાનગરપાલિકાને દંડ કોણ કરશે?"

નવસારીઃ નવસારી શહેરમાં ચાલી રહેલા બાંધકામ કાર્યોને લઈને 'સેવ નવસારી' અભિયાન અંતર્ગત સોશિયલ મીડિયામાં એક પોસ્ટ ચર્ચાનો વિષય બની છે.

શહેરના પારસી આગેવાન અને અગ્રણી કેરસી દેબુએ નવસારી મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવતા આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકા દ્વારા બાંધકામ સાઇટ્સ માટે વિવિધ નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જેમાં રસ્તા પર બાંધકામ સામગ્રી ન મૂકવી, સાઇટ સંપૂર્ણ કવર કરવી, સલામતીના પગલાં ફરજિયાત રાખવા તેમજ ટ્રાફિકમાં અવરોધ ન સર્જાય તેની ખાતરી કરવી જેવી જોગવાઈઓનો સમાવેશ થાય છે. નિયમોના ભંગ બદલ દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

પરંતુ લુન્સીકુઇ સરબતીયા તળાવ કિનારે મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલા એક સ્કૂલના બાંધકામમાં આ નિયમોનું ઉલ્લંઘન થતું હોવાના આક્ષેપ છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી તસવીરોમાં રસ્તા પર બાંધકામ સામગ્રીનો ઢગલો, ટ્રાફિકમાં અવરોધ, સાઇટ કવર ન હોવું, સલામતીના ઉપાયોનો અભાવ અને ધૂળ-પ્રદૂષણ નિયંત્રણના અભાવે નાગરિકોને મુશ્કેલી પડી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ મુદ્દે કેરસી દેબુએ પોસ્ટમાં સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે નિયમોના ભંગ બદલ સામાન્ય નાગરિકોને દંડ કરવામાં આવે છે, ત્યારે મહાનગરપાલિકા પોતે નિયમોનો ભંગ કરે તો તેના સામે કાર્યવાહી કોણ કરશે?

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

જમીન પુરાણ માટેનો
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

વુલન સ્વેટરો,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

પરાઝિઓ ક્લબ
ની મેમ્બરશિપ વેચવાની છે, લીધેલા ભાવ માં. કોન્ટેક્ટ:- 9687422266

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

નોકરી વિષયક

પટાવાળા જોઈએ છે
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

જોઇએ છે
હાર્ડવેર નેટવકકિંગ એન્જિનિયર કોમ્પ્યુટર સ્ટોર સર્વિસ સેન્ટર માટે અને ડિલિવરી બોય. યશ્વી ઈન્ફોટેક (નાનપુરા) 9824651603

લોનની કંપની
માટે ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ/ ફુલટાઈમ Location નાનપુરા સુરત મોઃ- 9586817707

Sketcher Artist
જોઈએ છે ઉધનામાં Wedding Saree અને સૂટની એમરોડરી ડિઝાઈન આર્ટિસ્ટ સ્કેચર. 9726166466

જોઈએ છે,
એન્જિનિયરિંગ કંપનીમાં ફેબ્રિકેશન કામ માટે અનુભવી હેલ્પર, વેલ્ડર, ફિટર જોઈએ છે, ટેકનો ક્રિએટ એન્જિનિયર્સ, પ્લોટ નંબરઃ 713, રોડ નંબરઃ 7, અરમાન ઈન્ડસ્ટ્રીઝની સામે, જી.આઈ.ડી.સી, સચિન, સુરત, MO: 9725686148

મિલ્કત વેચાણ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

હિમાલયા હોલીડે
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીગ Mo:- 9427803273/ 9825142005 (812)

(સાગર- 9427113317)
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી

જૂના અને જાણીતા
રાજુ મોદી સિમલા, મનાલી, ડેલહાઉસી, ધર્મશાળા, અમૃતસર ઉપડશે 11 મે, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ વેજ નોનવેજ બ્રેકફાસ્ટ ડિનર 9374512979 (842)

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

Dinesh Tours
N Travels આરામદાયક હોટલ, સુરતી ભોજન, અનુભવી ટુર મેનેજર સહિત નું આયોજન... @ કેરલા- રામેશ્વરમ- મદુરાઈ- કન્યાકુમારી. દિ. ૧૦ @ બદ્રીનાથ- કેદારનાથ- ગંગોત્રી- યમનોત્રી. દિ ૧૩ @ દાર્જીલિંગ- લાચુંગ- પેલિંગ- ગંગટોક. દિ- ૯ વધુ માહિતી માટે સંપર્ક કરોઃ- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

28 રાત્રે
ગોળીગઢ, વિજ્ઞેશ્વર, ઉનાઈ, દમણ, 1100/- રૂપિયા, બે ટાઈમ નોનવેજ,- 9484448329

સ્વપ્ન ટ્રાવેલ્સ
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે દ્વારા (1) ચારધામ, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 15/5, 28/05, દિવસ- 15. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, નેપાળ, ગયાજી, અયોધ્યા, તારીખ- 14/5, દિવસ- 12(3) દક્ષિણ ભારત, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, તિરૂપતિ. તારીખ- 28/5, દિવસ- 12. (4) હરિદ્વાર, (અધિક માસમાં) ઋષિકેશ. તારીખ- 22/5, દિવસ- 7. ગ્રુપ બુકીંગ સ્વીકારીશું. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પલેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુરાંદેર રોડ, સુરતઃ 9825144143

JOY N JOY TRAVELS.
(રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડિનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. તારીખ 15 મે/ 22 મેં. દિવસ- 8) (ચારધામ યાત્રા પેકેજ દિવસ- 12) જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723.

ચારધામ યાત્રા.
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

મિલ્કત વેચવાની છે

ઘોદદોડ રોડ
ગોકુલમ ડેરી પાસે શરૂ થતાં નવા બાંધકામમાં પ્રિ- બુકિંગમાં ફ્લેટ, દુકાન, ઓફિસ વેચાણથી આપવાના છે 9377889912/ 9879276073 (840)

મકાન વેચવાનું છે
134 ચોરસ મીટર, ગ્રાઉન્ડ + બે માળ, પ્લોટ નં. 25, નવો મોહલ્લો, સાંઈબાબા મંદિર સામે, મેઈન રોડ, રુદરપુરા, સુરત. મો. 8291401808, 7700974403

ફ્લેટ વેચવાનો
દસ્તાવેજ બીજોમાળ ૧૧ લાખ રોકડા અનાવિલ શેરી સગરામપુરા 8488968543

મિલકત વેચવાની છે
વેડરોડ કતારગામ વિસ્તારમાં વિરામનગર સોસાયટી મોંઃ- 9426862069

લગ્ન વિષયક

સુરત રહેતી
30 વર્ષની દેસાઈ યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.